**માન.ધારાસભ્યશ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી)**

**અગ્રતા – ૪**

**પ્રશ્ન–૧ : મારા મતવિસ્તાર માળીયા તાલુકાના તાલુકા પંચાયતનું નવીન મકાન મંજુર કરાયેલ છે તે અંગે માન.મુખ્યમંત્રીશ્રીનો હું આભાર માનું છું..**

**વધુમાં મારો પ્રશ્ન એ છે કે.. આ નવીન મકાન બનાવવા માટે કેટલું અનુદાન મંજૂર થયેલ છે ? તેમજ તેની તાંત્રિક મંજૂરી અને ટેન્ડર મંજૂરી કયારે આપવામાં આવેલ છે? નવિન કચેરીમાં કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?**

**જવાબ:–**
**માન.અધ્યક્ષશ્રી ..**

માળીયા(મીયાણા) તાલુકો દરીયાઇ તટ વિસ્તારમાં આવેલ હોવાથી એસ.આર.સી. સિમેન્ટ તથા કોરોઝન રેઝીસ્ટન્સ ઈપોકસી સ્ટીલનો ઉપયોગ કરીને નવિન મકાન બાંધકામ કરવું આવશ્યક હોઈ, તાલુકા પંચાયત કચેરી, માળીયા (મીયાણા)ના નવિન મકાન બાંધકામ માટે ખાસ કિસ્સામાં રૂા.૩,૨૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ કરોડ બાવીસ લાખ) નું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી ..**

- નવિન તાલુકા પંચાયત કચેરી, માળીયા (મીયાણા)ના નવિન મકાન બાંધકામની તાંત્રિક તથા ટેન્ડર મંજૂરી અંગે જણાવું તો, મુખ્ય ઈજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૨૨ ના પત્રથી તાલુકા પંચાયત ભવન, માળીયા (મીયાણા)ના નવિન મકાન બાંધકામ માટે રૂા.૩,૨૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ કરોડ બાવીસ લાખ) ની તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે. તથા સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગની તા.૦૧/૧૦/૨૦૨૨ યાદીથી સીડીપી-૩ યોજના હેઠળ તાલુકા પંચાયત કચેરી, માળીયા (મીયાણા)ના નવિન મકાન બાંધકામ માટે ટેન્ડર મંજૂર કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી ..**

- નવિન તાલુકા પંચાયત કચેરી, માળીયા (મીયાણા)ના નવિન મકાનમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે જણાવું તો, તાલુકા પંચાયતમાં ગ્રાઉન્ડ પ્લસ વન ફ્લોરનું નવીન તાલુકા પંચાયત ભવન ભૂકંપ પ્રતિરોધક આર.સી.સી ફ્રેમ સ્ટ્રકચર મુજબ બનાવવામાં આવેલ છે. જેમાં કુલ ૧૧ શાખાઓ જેવી કે સામાન્ય શાખા, આઇ.સીડી.એસશાખા, શિક્ષણ શાખા, ખેતીવાડી શાખા, સહકાર શાખા વિગેરેનો નવા તાલુકા

પંચાયત ભવનમાં સમાવેશ કરવામાં આવેલ છે. તાલુકા પંચાયત પ્રમુખશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ માટે પણ અલગથી ઓફિસની ફાળવણી કરવામાં આવેલ છે. વધુમાં નવા બિલ્ડિંગમાં, ઈલેકટ્રીફીકેશન તથા ઓફિસ માટે ફર્નિચરની સુવિધાઓ ઉપલબ્ધ થશે. કોન્ફરન્સ હોલ તથા મીટીંગ હૉલની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. બિલ્ડીંગમાં ઈન્ટરનલ આર.સી.સી.રોડ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

- નવા તાલુકા પંચાયત બિલ્ડીંગમાં દિવ્યાંગ જનો માટે રેમ્પ(ઢાળ)ની વ્યવસ્થા કરવામાં આવશે તેમજ સામાન્ય નાગરિક જનો માટે પીવાના પાણીની તથા ટોયલેટ બ્લોકનો સમાવેશ કરવામાં આવશે.
- આ બિલ્ડીંગની બાકી રહી ગયેલ કામગીરી ટુંક સમયમાં પુર્ણ કરવામાં આવશે.